તા. ૨૫.૪.૨૦૨૪ના  સંદેશ, અમદાવાદ આવૃત્તિ પાના નંબર-૫ અને તા. ૨૫.૪.૨૦૨૪ના સંદેશ, વડોદરા આવૃત્તિ પાના નંબર-૫ પર પ્રકાશિત જાહેરાત

## આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત ડાંગર અને બીડી તમાકુની વિવિધ જાતોના 'અનુભવ' બીજના વેચાણ માટે ઓનલાઈન નોંધણી અને વિતરણ અંગે

આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત ડાંગર અને બીડી તમાકુની જુદી જુદી જાતોના 'અનુભવ' બીજના વેચાણ માટે, બિયારણની ઓનલાઈન નોંધણી અને વિતરણ વ્યવસ્થા અમલી થનાર છે. **ડાંગરની જુદી જુદી જાતો માટે આગામી તા. ૧.૫.૨૦૨૪, સવારે ૯ કલાકથી તા. ૧૦.૫.૨૦૨૪ અને બીડી તમાકુની જુદી જુદી જાતો માટે તા. ૧૧.૫.૨૦૨૪, સવારે ૯ કલાકથી તા. ૨૫.૫.૨૦૨૪ દરમ્યાન અથવા ઉપલબ્ધ જથ્થાની નોંધણી પૂર્ણ થાય એ બે પૈકી, જે વહેલું થાય ત્યાં સુધી** ઓનલાઈન નોંધણી કાર્યરત થનાર છે. ખેડૂતો આ અંગેની સમગ્ર માહિતી તેમજ ઓનલાઈન નોંધણી કરવા માટેની વિગતો આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in પરથી મેળવી શકશે. વધુ વિગતો માટે ફોન નંબર ૦૨૬૯૨-૨૬૦૩૨૯ પર સંપર્ક કરી શકાશે.

તા. ૨૫/૦૪/૨૦૨૪          સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ અધિકારી (સીડ)

# <u>ડાંગરના બિયારણ માટે ઓનલાઇન અરજી કરવાની પદ્ધતિ</u>

- ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન **http://www.aau.in** વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમયગાળામાં જ કરવાની રહેશે.
- અરજી કરનાર ખેડૂતે સૌપ્રથમ પોતાનો મોબાઈલ નંબર નાખવો અને મોબાઈલ પર જે ઓટીપી (**OTP**) આવે તે અરજીમાં સૌપ્રથમ દાખલ કરવાનો રહેશે.
- ત્યાર બાદ પાકનું નામ, જાત, બિયારણનું સ્ટેજ, જ્યાંથી બિયારણ મેળવવું હોય તે કેન્દ્રની પસંદગી અને જરૂરી મળવાપાત્ર બેગની સંખ્યાની વિગતો ઓનલાઈન અરજીમાં ભરવાની રહેશે.
- ત્યાર બાદ ખેડૂતે આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબનું નામ, આધાર નંબર, ૮-અ નમુના મુજબનો ખાતા નંબર તથા તેમાં દર્શાવેલ વિસ્તાર હેકટર, આર અને ચોરસ મીટર પ્રમાણે દાખલ કરવાનો રહેશે. વોટ્સએપ નંબર અને ઇમેલની વિગતો જો હોય તો દાખલ કરવી.
- ત્યાર બાદ પોતાના જીલ્લા, તાલુકા અને ગામની વિગતો પસંદ કરી નીચે લાલ અક્ષરોમાં દર્શાવેલ બાહેધરી આપવાના બોક્ષમાં ટીક (√) કરી સબમિટ બટન પર આગળ વધવું.
- ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/ મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે આધાર કાર્ડ અને ૮-અ ની નકલની સાથે લાવવાની રહશે.

# <u>ડાંગરના બિયારણ માટે ઓનલાઇન અરજી કરવાની શરતો</u>

૧) ખરીફ-૨૦૨૪ માટે ડાંગર પાકમાં પ્રમાણિત બિયારણ વિતરણ માટેની અરજી નીચે મુજબના કેન્દ્રો પર ઉપલબ્ધ જાત-જથ્થાની મર્યાદામાં ફક્ત ઓનલાઇન જ સ્વીકારવા માં આવશે.

| ક્રમ નં. | સંશોધન કેન્દ્ર નું નામ | ફોન નંબર |
|---|---|---|
| ૧ | વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ૦૨૬૯૨-૨૬૦૩૨૯ |
| ૨ | કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો) આણંદ કૃષિ યુનિવર્સિટી, ઠાસરા | ૮૮૪૯૩૦૪૯૫૪ |
| ૩ | કૃષિ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી | ૬૩૫૪૨૫૪૬૧૨ |
| ૪ | કૃષિ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઇ | ૯૧૦૬૪૨૫૬૨૭ |
| ૫ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ | ૯૭૨૫૩૫૧૪૪૧ |
| ૬ | મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ | ૭૫૭૩૦૧૩૫૪૮/<br>૦૨૬૯૪-૨૨૯૯૧૨૨ |
| ૭ | કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો | ૯૯૦૯૭૧૭૩૮૮ |
| ૮ | કૃષિ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી, કંસારી | ૮૪૦૧૭૧૭૬૧૧ |

૨) બિયારણની નોંધણી માટે અરજદાર ખેડૂત પાસે આધારકાર્ડ અને ૮-અનાં દાખલા મુજબનું જ નામ લખવું.

૩) ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન http://www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમયગાળામાં જ કરવાની રહેશે.

૪) નમૂના ૮-અ માં એક કરતાં વધારે ખેડૂતના નામ હોય તો બિયારણની ફાળવણી ખેડૂતની જમીન મુજબ ફાળવણીના મહત્તમ જથ્થાની મર્યાદામાં જ થશે.

| ૮-અ મુજબ વિસ્તાર (ગુંઠા) | મળવાપાત્ર બેગ (વજન ૨૫ કિલોગ્રામ) |
|---|---|
| ૦૧ થી ૪૦ ગુંઠા | ૨ બેગ |
| ૪૧ થી ૮૦ ગુંઠા | ૩ બેગ |
| ૮૧ થી ૧૨૦ ગુંઠા | ૪ બેગ |
| ૧૨૧ થી ૧૬૦ ગુંઠા | ૫ બેગ |
| ૧૬૧ થી વધુ ગુંઠા | ૭ બેગ |

૫) ઓનલાઇન અરજી બાદ ખેડૂતોને બિયારણની ફાળવણી, વહેલા તે પહેલાના ધોરણે, ખેડૂતની જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં કોમ્પુટરાઈઝડ સિસ્ટમથી ઓનલાઈન જ થશે. ફાળવણીની જાણકારી ખેડૂત ઓનલાઇન મેળવી શકાશે

૬) બિયારણની ઓનલાઇન ફાળવણી જે તે કેન્દ્ર પર ઉપલબ્ધ જાતના જથ્થા મુજબ જ થશે. ખેડૂતની પસંદગીના કેન્દ્ર પર ઉપલબ્ધ બિયારણનો જથ્થો પૂર્ણ થયેલ હોય તો તેમણે અન્ય કેન્દ્રો પર નોંધણીની પ્રક્રિયા કરવાની રહે છે.

૭) ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/ મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે આધાર કાર્ડ અને ૮-અ ની નકલની સાથે લાવવાની રહેશે.

૮) યુનિવર્સિટીના કેન્દ્રો ખાતે ઉપલબ્ધ બિયારણની ફાળવણીનો જથ્થો પૂર્ણ થઇ ગયા બાદ પોર્ટલ પરથી અરજી નોધણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવશે.

૯) વિતરણની અંતિમ તારીખ બાદ ડાંગરના બીજનો વેચાણ થયા વગર કોઇપણ જાતનો વધારાનો જથ્થો જો ઉપલબ્ધ હશે તો, નોંધણી બાદ ખેડૂતોને રૂબરૂ વહેલા તે પહેલાના ધોરણે જમીનના ૮-અ ની નકલ અને આધાર કાર્ડની નકલ લઈને આવશે તો વેચાણથી આપવામાં આવશે

**૧૦) ડાંગરના બિયારણના ભાવની વિગત**

| **પાક** | **ડાંગરની જાત** | **પ્રકાર** | **બિયારણના ભાવ (રૂપિયા/૨૫ કિ.ગ્રા.) મુજબ** | |
|---|---|---|---|---|
| | | | **ફાઉન્ડેશન** | **સર્ટીફાઈડ/ ટ્રૂથફૂલ** |
| ડાંગર | ગૂર્જરી, જી. એ. આર. ૨૦૧ (અક્ષત) | જાડો દાણો | ૮૩૦ | ૮૦૫ |
| | જી.એ.આર. ૧૩, જી.એ.આર. ૧૪, જી. આર. ૧૦૧, જી. આર. ૨૧ અને મહીસાગર | ઝીણો દાણો | ૯૦૦ | ૮૭૦ |
| | જી.એ.આર. ૨૨ | મધ્યમ દાણો | ૮૬૦ | ૮૪૦ |

નોંધ- એક કરતા વધારે જાતની જરૂરિયાત હોય તો બીજી વેરાયટી માટે નોંધણીની પ્રકિયા ફરીથી કરવી.

૧૧) ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી જણાય તો જાહેર રજાના દિવસો સિવાય ચાલુ કચેરીના સમયે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો પરથી નોંધણી પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી.

૧૨) **નોંધણીની માહિતી માટે ઉપયોગી ફોન નંબર**

| **ક્રમ નં.** | **નામ** | **મોબઈલ નંબર** |
|---|---|---|
| ૧ | વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ. યુ., આણંદ | ૦૨૬૯૨-૨૬૦૩૨૯ |
| ૨ | ડો. પવન દવે, આર.આર.એસ. આ.કૃ. યુ., આણંદ | ૭૯૯૦૮૧૨૮૬૫ |
| ૩ | શ્રી. પ્રદીપ લીંબાણી, આર.આર.એસ. આ.કૃ. યુ., આણંદ | ૯૭૨૭૪૬૧૩૩૦ |
| ૪ | કુ. ભાવનાબેન બલદાણીયા, આર.આર.એસ. આ.કૃ. યુ., આણંદ | ૯૫૩૭૬૨૭૬૫૪ |
| ૫ | ડો. કૃપાલ ભાલાળા, આર.આર.એસ. આ.કૃ. યુ., આણંદ | ૯૦૯૯૪૦૦૪૮૬ |
| ૬ | શ્રી. દુષ્યંતકુમાર દુબે, આર.આર.એસ. આ.કૃ. યુ., આણંદ | ૯૪૦૮૧૨૩૩૦૦ |
| ૭ | ડો. ડી. જે. કાચા, એમ.એમ.આર.એસ., આ.કૃ. યુ., નવાગામ | ૯૮૨૫૫૯૮૭૦૭ |
| ૮ | શ્રી નિકુલ ભરવાડ, એમ.એમ.આર.એસ., આ.કૃ. યુ., નવાગામ | ૭૦૪૬૪૫૪૪૯૭/૯૫૧૨૦૧૮૧૫૦ |
| ૯ | ડો. તારક પટેલ | ૭૫૭૩૦૪૧૦૨૬ |
| ૧૦ | શ્રી એ. જી. પંપાણીયા, પી. આર.એસ., ડભોઇ | ૯૧૦૬૪૨૫૬૨૭ |

૧૩) ફાળવવામાં આવેલ બિયારણ લઇ જવા રૂબરૂ ખેડૂત આવે ત્યારે તેમને COVID -19 ની સરકારશ્રી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે

૧૪) **આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ડાંગરના 'અનુભવ' બીજ મેળવવા ઓનલાઈન નોંધણી <u>તા. ૦૧/૦૫/૨૦૨૪ થી તા. ૧૦/૦૫/૨૦૨૪</u> અને વિતરણ <u>તા. ૧૩/૦૫/૨૦૨૪ થી તા. ૨૨/૦૫/૨૦૨૪</u> સુધી થશે. સફળતાપૂર્વક ઓનલાઈન નોંધણી થયેલ હોય તે ખેડૂતોએ ફાળવવામાં આવેલ તારીખે બિયારણ મેળવી લેવાનું રહેશે, ફાળવવામાં આવેલ તારીખ સુધી જો ન મેળવવામાં આવે તો, આ નોંધણી આપોઆપ રદ થશે/ ગણાશે અને તે બીજ અન્ય ખેડૂતોને ફાળવી આપવામાં આવશે**

# બીડી તમાકુ બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની પદ્ધતિ

- ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમયગાળામાં જ કરવાની રહેશે.
- અરજી કરનાર ખેડૂતે સૌપ્રથમ પોતાનો મોબાઈલ નંબર નાખવો અને મોબાઈલ પર જે ઓટીપી (**OTP**) આવે તે અરજીમાં સૌપ્રથમ દાખલ કરવાનો રહેશે.
- ત્યાર બાદ પાકનું નામ, જાત, બિયારણનું સ્ટેજ, જ્યાંથી બિયારણ મેળવવું હોય તે કેન્દ્રની પસંદગી અને મળવાપાત્ર જરૂરી પેકેટની સંખ્યાની વિગતો ઓનલાઈન અરજીમાં ભરવાની રહેશે.
- ત્યાર બાદ ખેડૂતે આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબનું નામ, આધાર નંબર, ૮-અ નમુના મુજબનો ખાતા નંબર તથા તેમાં દર્શાવેલ વિસ્તાર હેકટર, આરે અને ચોરસ મીટર પ્રમાણે દાખલ કરવાનો રહેશે. વોટ્સએપ નંબર અને ઇમેલની વિગતો જો હોય તો દાખલ કરવી.
- ત્યાર બાદ પોતાના જીલ્લા, તાલુકા અને ગામની વિગતો પસંદ કરી નીચે લાલ અક્ષરોમાં દર્શાવેલ બાહેધરી આપવાના બોક્ષમાં ટીક (√) કરી સબમિટ બટન પર આગળ વધવું.

# બીડી તમાકુ બિયારણ માટે ઓનલાઇન અરજી કરવા માટેની શરતો

૧) ખરીફ-૨૦૨૪ માટે તમાકુના પાકમાં ભરોસાપાત્ર/ ખાત્રીવાળુ બિયારણ મેળવવા માટેની અરજી નીચે મુજબના કેન્દ્ર પર ઉપલબ્ધ જાત-જથ્થાની મર્યાદામાં ફક્ત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે.

| ક્રમ નં. | સંશોધન કેન્દ્ર નું નામ | કેન્દ્ર પર ઉપલબ્ધ બીડી તમાકુની સુધારેલ/ સંકર જાતો |
|---|---|---|
| ૧ | બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | આણંદ ૨, આણંદ ૧૧૯, આણંદ ૧૪૫ |
| ૨ | | ગુજરાત તમાકુ ૪, ગુજરાત તમાકુ ૫, ગુજરાત તમાકુ ૭ |
| ૩ | | આણંદ બીડી તમાકુ ૧૦, ગુજરાત આણંદ બીડી તમાકુ ૧૧ |
| ૪ | | એમ. આર. જી. ટી. એચ. ૧, જી. એ. બી. ટી. એચ. ૨ |

૨) બિયારણની નોંધણી માટે અરજદાર ખેડૂત પાસે આધારકાર્ડ અને ૮-અ નાં દાખલા મુજબનું જ નામ લખવું.

૩) ખેડૂતોએ બિયારણ ફાળવણીની અરજી ઓનલાઈન http://www.aau.in વેબસાઈટ પર આપેલ લીંક દ્વારા નિર્ધારીત સમય ગાળામાં કરવાની રહેશે.

૪) નમૂના ૮-અ માં એક કરતાં વધારે ખેડૂતના નામ હોય તો બિયારણની ફાળવણી ખેડૂતની ૮-અ માં દર્શાવેલ જમીન મુજબ મહત્તમ જથ્થાની મર્યાદામાં જ થશે.

| ૮-અ મુજબ વિસ્તાર (ગુંઠા) રોપણી માટે | મળવાપાત્ર પેકેટ (૨૫૦ ગ્રામ) |
|---|---|
| ૦૧ થી ૫૦ ગુંઠા | ૬ પેકેટ |
| ૫૧ થી ૧૦૦ ગુંઠા | ૧૦ પેકેટ |
| ૧૦૧ થી ૨૦૦ ગુંઠા | ૧૪ પેકેટ |
| ૨૦૧ થી ૩૦૦ ગુંઠા | ૧૬ પેકેટ |
| ૩૦૧ થી ૪૦૦ ગુંઠા | ૨૦ પેકેટ |
| ૪૦૧ થી વધુ | ૨૪ પેકેટ |

૫) ઓનલાઈન અરજી બાદ ખેડૂતોને બિયારણની ફાળવણી, વહેલા તે પહેલાના ધોરણે, ખેડૂતની જમીન મુજબ મહતમ જથ્થાની મર્યાદામાં કોમ્પુટરાઈઝડ સિસ્ટમથી ઓનલાઈન જ થશે. ફાળવણીની જાણકારી ખેડૂત ઓનલાઈન મેળવી શકાશે. ૨૫૦ ગ્રામના પેકીંગમાં ખેડૂતોની જમીન મુજબ વધુમાં વધુ એક જાત માટે '૨૪' પેકેટ (કુલ ૬ કિલો), બીજી જાત માટે ફરીથી અરજી કરવાની રહેશે, આ ઉપરાંત બન્ને સંકર જાત માટે એક-એક પેકેટ (૫૦ ગ્રામ) અથવા એક સંકર જાત માટે 'બે' પેકેટ

(૧૦૦ ગ્રામ) ની મર્યાદામાં ફાળવણી કરવામાં આવશે જેથી ફાળવણી માટે કોઈના અન્ય દાવા માન્ય રાખવામાં આવશે. સંકર જાત માટે અલગથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૬) **બીડી તમાકુના બિયારણની ઓનલાઇન નોંધણી બીડી તમાકુ સંશોધન કેન્દ્ર પર ઉપલબ્ધ જાતના જથ્થા મુજબ જ થશે.**

૭) **ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ ખેડૂતે ઓનલાઈન પાવતીની પ્રિન્ટ કાઢી લેવી/મોબાઈલમાં સેવ કરી લેવી. આ પાવતી બિયારણ રૂબરૂ લેવા આવતી વખતે આધારકાર્ડ અને ૮-અ ની નકલની સાથે લાવવાની રહશે.**

૮) **યુનિવર્સીટીના કેન્દ્રો ખાતે બિયારણની ફાળવણીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થઇ ગયા પછી પોર્ટલ પરથી અરજી નોધણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવશે.**

૯) વિતરણની અંતિમ તારીખ બાદ બીડી તમાકુના બીજનો વેચાણ થયા વગર કોઇપણ જાતનો વધારાનો જથ્થો જો ઉપલબ્ધ હશે તો, નોંધણી બાદ ખેડૂતોને રૂબરૂ વહેલા તે પહેલાના ધોરણે જમીનના ૮-અ ની નકલ અને આધાર કાર્ડની નકલ લઈને આવશે તો વેચાણથી આપવામાં આવશે.

૧૦) બીડી તમાકુના **બિયારણના ભાવની વિગત (૨૫૦ ગ્રામના પેકીંગમા)**

| **પાક** | બીડી તમાકુની જાતો | **પ્રકાર** | **બિયારણના ભાવ** |
|---|---|---|---|
| બીડી તમાકુ | આણંદ ૨, આણંદ ૧૧૯, આણંદ ૧૪૫, ગુજરાત તમાકુ ૪, ગુજરાત તમાકુ ૫, ગુજરાત તમાકુ ૭, આણંદ બીડી તમાકુ ૧૦, ગુજરાત આણંદ બીડી તમાકુ ૧૧ | સુધારેલ જાત | **૧૨૦૦ રૂપિયા/ કિ.ગ્રા. (૩૦૦ રૂપિયા/૨૫૦ ગ્રામ)** |
| | એમ. આર. જી. ટી. એચ. ૧, જી. એ. બી. ટી. એચ. ૨ | સંકર જાત | **૨૪૦૦૦ રૂપિયા/ કિ.ગ્રા. (૬૦૦ રૂપિયા/૨૫ ગ્રામ)** |

૧૧) ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી જણાય તો જાહેર રજાના દિવસો સિવાય ચાલુ કચેરીના સમયે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કેન્દ્ર પરથી નોંધણી પ્રક્રિયાની જાણકારી મેળવી લેવી.

**૧૨) નોંધણીની માહિતી માટે ઉપયોગી ફોન નંબર**

| **ક્રમ નં.** | **નામ** | **મોબઈલ નંબર** |
|---|---|---|
| ૧ | ડો. જે. એન. પટેલ | **૦૨૬૯૨- ૨૬૨૦૬૧** |
| ૨ | શ્રી. ડી. આર. દેલવાડિયા | ૯૪૦૮૨૫૯૦૯૧ |
| ૩ | જલ્પાબેન પંચાલ | ૯૯૧૩૭૮૦૩૮૫ |
| ૪ | ડો વાય. એમ. રોજાસરા | ૬૩૫૨૪૬૦૮૮૩ |
| ૫ | પ્રો. એન. એ. ભટ્ટ | ૯૪૨૯૩૨૮૧૧૪ |
| ૬ | ગૌરાંગ રૂદાણી | ૮૧૪૦૨૮૦૫૦૮ |
| ૭ | અર્પિતા પઢીયાર | ૭૨૮૫૦૮૪૪૯૩ |

૧૩) ફાળવવામાં આવેલ બિયારણ લઇ જવા ખેડૂત આવે ત્યારે તેમને COVID -19 ની સરકારશ્રી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનો રહેશે**.**

**૧૪) આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત બીડી તમાકુના 'અનુભવ' બીજ મેળવવા ઓનલાઈન નોંધણી તા. ૧૧/૦૫/૨૦૨૪ થી ૨૫/૦૫/૨૦૨૪ અને વિતરણ તા. ૦૧/૦૬/૨૦૨૪ થી ૧૫/૦૬/૨૦૨૪ સુધી થશે. સફળતાપૂર્વક ઓનલાઈન નોંધણી થયેલ હોય તે ખેડૂતોએ ફાળવવામાં આવેલ તારીખે બિયારણ મેળવી લેવાનું રહેશે, ફાળવવામાં આવેલ તારીખ સુધી જો મેળવવામાં નહિ આવે તો, આ નોંધણી આપોઆપ રદ થશે/ ગણાશે અને તે બીજ અન્ય ખેડૂતોને ફાળવી આપવામાં આવશે**

# બિયારણની ઉપલબ્ધતા કે અન્ય સંબંધિત માહિતી જાણવા માટે નીચે દર્શાવેલ ફોન પર પણ સંપર્ક કરી શકાશે

| કેન્દ્ર/ વિભાગનું નામ | સંપર્ક નંબર | પાકના નામો |
|---|---|---|
| વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ | ૦૨૬૯૨-૨૬૦૩૨૯ / ૯૩૭૫૦ ૫૯૨૪૯ | ડાંગર, દિવેલા, મગફળી, મગ |
| કૃષિ સંશોધન કેન્દ્ર, કંસારી (ખંભાત) | ૮૪૦૧૭ ૧૭૬૧૧ | ડાંગર |
| મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામ (ખેડા) | ૦૨૬૯૪-૨૮૪૨૭૮/ ૭૫૭૩૦ ૧૩૫૪૮ | ડાંગર |
| કૃષિ સંશોધન કેન્દ્ર, ઠાસરા | ૦૨૬૯૯-૨૨૨૧૦૨/ ૯૫૧૨૦ ૪૨૧૮૪ | ડાંગર |
| કૃષિ કોલેજ-વ-પોલીટેકનીક, વસો | ૦૨૬૮-૨૫૩૩૧૧૫ / ૯૪૨૬૦ ૭૨૬૨૬ | ડાંગર, દિવેલા |
| કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ | ૦૨૬૯૭-૨૩૪૦૨૭/ ૯૬૦૧૨ ૬૧૭૮૩ | ડાંગર |
| નર્મદા પિયત સંશોધન યોજના, ખાંધા | ૦૨૬૬૬-૨૨૦૨૭૪/ ૯૮૭૯૫ ૫૨૧૧૪ | ડાંગર |
| કૃષિ સંશોધન કેન્દ્ર, ડભોઈ | ૦૨૬૬૩-૨૯૦૨૩૩/ ૯૧૦૬૪ ૨૫૬૨૭ | ડાંગર |
| કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામ | ૦૨૬૬૪-૨૨૫૦૫૯/ ૭૯૯૦૦ ૬૨૩૦૩, ૯૭૨૪૩ ૧૯૪૫૫ | ડાંગર, દિવેલા, સોયાબીન, અડદ |
| કઠોળ સંશોધન કેન્દ્ર, વડોદરા | ૦૨૬૫-૨૨૮૦૪૨૬, ૦૨૬૫-૨૩૪૩૯૮૪/ ૯૮૨૫૫ ૭૭૧૬૬ | મગ, અડદ, તુવેર |
| એગ્રોનોમી વિભાગ, બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ | ૦૨૬૯૨- ૨૬૧૭૨૩/ ૯૮૯૮૪ ૨૫૯૯૯, ૯૪૦૮૬ ૩૪૦૯૬ | દિવેલા, મગફળી |
| કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ | ૦૨૬૭૬-૨૩૫૫૨૮/ ૯૬૦૧૫ ૩૪૧૭૭ | મકાઈ, ગુવાર, દિવેલા, મગફળી, સોયાબીન |
| કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી | ૦૨૬૯૪-૨૯૨૦૫૧/ ૯૪૨૯૩ ૮૪૨૦૭ | ડાંગર, દિવેલા, સોયાબીન, મગફળી |
| હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, દાહોદ/ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ/ કૃષિ ઈજનેરી પોલીટેકનીક, દાહોદ | ૦૨૬૭૩-૨૨૦૪૨૩/૯૪૨૭૦ ૧૯૧૩૨, ૦૨૬૭૩- ૨૪૫૬૫૯/૭૨૭૭ ૨૬૭૮૧, ૦૨૬૭૩- ૨૯૧૬૮૩/ ૯૫૫૮૮ ૧૯૭૫૩ | કોદરા, સોયાબીન |
| આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢ બારિયા | ૦૨૬૭૮-૨૨૦૨૬૧/ ૯૭૧૪૮ ૮૮૮૦૯, ૯૩૨૮૧ ૩૧૪૪૨ | દિવેલા, સોયાબીન |
| મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરા | ૦૨૬૭૨-૨૬૫૮૫૨/ ૯૬૦૧૫ ૩૪૧૭૭ | મકાઈ |
| મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આણંદ | ૦૨૬૯૨- ૨૬૪૧૭૯/ ૯૯૭૪૧ ૭૫૭૯૬, ૯૮૯૮૯ ૭૭૫૫૧ | ઘાસચારા બાજરી, ઘાસચારા જુવાર ગીની, અંજન, નેપીયરની ગાંઠો |
| વિભાગીય કપાસ સંશોધન કેન્દ્ર, વિરમગામ | ૦૨૭૧૫-૨૩૩૦૧૪/ ૭૫૭૩૦ ૧૩૪૧૮ | દેશી કપાસ |
| દિવેલા અને બીજ મસાલા સંશોધન કેન્દ્ર, સાણંદ | ૦૨૭૧૭-૨૨૨૫૨૬/ ૭૫૭૩૦ ૧૩૪૧૮ | અડદ, તુવેર |

| | | |
|---|---|---|
| કૃષિ સંશોધન કેન્દ્ર/ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ | ૦૨૭૧૪-૨૯૪૨૦૩/ ૭૨૦૧૯ ૦૮૬૩૧<br>૦૨૭૧૪-૨૯૪૪૪૫/ ૯૪૨૭૦ ૫૬૪૫૬ | દેશી કપાસ |
| કૃષિ સંશોધન કેન્દ્ર, ધંધુકા | ૦૨૭૧૩-૨૯૩૦૧૩/ ૯૪૦૮૯ ૩૨૮૯૫ | દેશી કપાસ |
| કૃષિ સંશોધન કેન્દ્ર, ખંભોળજ | ૯૮૨૫૭ ૮૫૨૫૪ | મગ, અડદ, મગફળી, દિવેલા |
| મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ | ૮૯૮૦૦ ૪૮૦૩૧/ ૯૯૭૯૨ ૩૦૭૫૧, ૯૯૦૪૧ ૬૧૫૦૯ | શાકભાજી પાકોની વિવિધ જાતો અને ધરૂ |
| મુખ્ય તમાકુ સંશોધન કેન્દ્ર, આણંદ | ૦૨૬૯૨-૨૬૧૮૧૭, ૯૪૨૭૮ ૫૮૨૧૬, ૯૪૦૮૨ ૫૯૦૯૧ | તમાકુની વિવિધ જાતો અને ધરૂ |
| ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર, આણંદ | ૦૨૬૯૨-૨૬૧૪૮૨, ૯૯૭૪૧ ૩૦૭૦૨ | ઔષધિય-સુગંધિત પાકોની કલમો/ રોપા |
| બાગાયત વિભાગ, બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ | ૦૨૬૯૨-૨૬૨૩૭૫, ૯૪૨૯૯ ૫૯૧૭૯ | બાગાયતી ફળ પાકોની કલમો/ રોપા |
| બાગાયત કોલેજ, આણંદ | ૦૨૬૯૨-૨૬૪૦૭૬, ૯૮૯૮૨ ૮૨૨૪૬ | બાગાયતી ફૂલ પાકોની કલમો/ રોપા |
| ટીસ્યુકલ્ચર વિભાગ, આણંદ | ૦૨૬૯૨-૨૬૦૧૧૭, ૯૮૨૪૨ ૫૯૩૯૩ | ટીસ્યુકલ્ચર રોપા |

## કચેરી સમય: કામકાજના દિવસોમાં સવારે ૮ થી ૧૨ અને બપોરે ૨ થી ૫

નોડલ અધિકારી (સીડ) અને સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૧૧૦

ફોન: ૦૨૬૯૨-૨૬૦૩૨૯, ૯૩૭૫૦ ૫૯૨૪૯ વેબસાઇટ: www.aau.in ઈ મેલ: nodalofficerseed@aau.in

*********